પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૫ | ૨૬ ઓગસ્ટ, ૨૦૨૨, શુક્રવાર; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

હાઈપરટેન્શન સહિતની ૪૫ દવાઓ સસ્તી

એનપીપીએ દ્વારા નોટિફિકેશનમાં જારી કરવામાં આવ્યું : આંખની બિમારી, પેરાસિટામોલ, ફેનિલેફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ, કેફીન અને ડીફેનહાઇડ્રેમાઇન હાઇડ્રોક્લોરાઇડ ટેબ્લેટના કોમ્બિનેશન ડ્રગ્સની રિટેલ પ્રાઇસ રૂપિયા ૩.૭૩

નવી દિલ્હી, તા.૨૫

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ ૪૫ જેટલી ફોર્મ્યુલેશન ડ્રગ્સની રિટેલ પ્રાઈસ નક્કી કરી છે, જેનો ઉપયોગ હાઈપરટેન્શન, સામાન્ય શરદી, ચેપ, એસિડિટી અને આંખની બિમારીની સારવારમાં થાય છે.

ઉપરાંત હાઈ કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લિસેરાઈડ લેવલની સારવારમાં ઉપયોગી કેટલીક દવાઓની પણ ભાવ મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમ કે, પેરાસિટામોલ, ફેનિલેફ્રાઈન હાઈડ્રોક્લોરાઈડ, કેફીન અને ડીફેનહાઈડ્રેમાઈન હાઈડ્રોક્લોરાઈડ ટેબ્લેટના કોમ્બિનેશન ડ્રગ્સની રિટેલ પ્રાઈસ રૂ. ૩.૭૩ નક્કી કરવામાં આવી છે. આ કોમ્બિનેશનનો ઉપયોગ એલર્જી અને સામાન્ય શરદીની સારવારમાં થાય છે. અન્ય કોમ્બિનેશન એમોક્સિસિલિન અને પોટેશિયમ ક્લાવુલનેટ ઓરલ સસ્પેન્શન (એન્ટિબાયોટિક તરીકે વપરાય છે)ની રિટેલ પ્રાઈસ રૂ. ૧૬૮.૪૩ નક્કી કરવામાં આવી છે. તેવી જ રીતે, ડાયાબિટીસની સારવારમાં વપરાતી સિટાગ્લિપ્ટિન અને મેટફોર્મિન હાઈડ્રોક્લોરાઈડ (સસ્ટેન્ડ રીલિઝ) ટેબ્લેટ સહિતની ફોર્મ્યુલેશન ડ્રગ્સ રૂ. ૧૮.૬૭થી ઉંચી કિંમતે વેચી શકાશે નહીં. એનપીપીએ દ્વારા ૨૪ ઓગસ્ટે જારી કરાયેલા નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર (૨૦૧૩) હેઠળ દવાઓની કિંમતો નક્કી કરવામાં આવી છે. એવી પણ સ્પષ્ટતા કરી હતી કે, ઉત્પાદકો પ્રોડક્ટ્સ પર ત્યારે જ જીએસટી ઉમેરી શકે છે જો તેમણે ખરેખર તેની ચૂકવણી કરી હોય. ભારતીય બજારમાં ફિક્સ્ડ ડોઝ ડ્રગ કોમ્બિનેશન (એફડીસી), અથવા ફાર્મા પ્રોડક્ટ કે જેમાં ચોક્કસ અસર માટે એક કરતા વધુ એક્ટિવ ઈનગ્રેડિયન્ટ્સ ધરાવતી દવાઓનો ઉપયોગ થાય છે, તેનું વેચાણ અને ઉપયોગ ચિંતાજનક દરે વધી રહ્યુ છે તેવા અહેવાલો વચ્ચે આ અહેવાલ આવ્યા છે.

નવી ટેલિકોમ ક્રાંતિ: રિલાયન્સ જિયો 5G સર્વિસ શરૂ કરવાની તૈયારીમાં

૨૯ ઓગસ્ટથી દેશમાં પર સેવા ચાલુ થઈ શકે : ૨૯ ઓગસ્ટના દિવસે રિલાયન્સ પોતાની ૪૫મી એન્યુઅલ જનરલ મિટિંગ યોજશે અને આ ઈવેન્ટમાં રિલાયન્સ પોતાનો 5G ફોન પણ લોન્ચ કરશે

મુંબઈ, તા.૨૫

દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયોએ ૪૫ સર્વિસમાં ક્રાંતિ કર્યા પછી હવે 5G

સર્વિસ શરૂ કરવા જઈ રહી છે. એક અંદાજ પ્રમાણે આગામી સોમવારથી, એટલે કે ૨૯ ઓગસ્ટથી દેશમાં 5G સેવા ચાલુ થઈ જશે. આ દિવસે રિલાયન્સ પોતાની ૪૫મી એન્યુઅલ જનરલ મિટિંગ યોજશે. આ ઈવન્ટમાં રિલાયન્સ પોતાનો 5G ફોન પણ લોન્ચ કરશે તેમ માનવામાં આવે છે.

શરૂઆતમાં દેશના ૧૩ શહેરોમાં જ પર સર્વિસ શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. તેમાં દિલ્હી, બેંગલુરુ, ચંદીગઢ, ગાંધીનગર, અમદાવાદ, ગુરુગ્રામ, મુંબઈ, પૂણે, હૈદરાબાદ, ચેન્નાઈ, જામનગર, કોલકાતા અને લખનૌ સામેલ હશે. તાજેતરમાં સ્પેક્ટ્રમની હરાજી થઈ તેમાં જિયો સૌથી મોટી બિડર હતી. ખાસ કરીને ૭૦૦ હર્ટ્ઝ ફ્રિકવન્સીમાં રિલાયન્સ જિયોએ સૌથી મોટી બિડ કરી હતી. રિલાયન્સ જિયોને લિસ્ટેડ કંપની બનાવવાની તૈયારી ચાલે છે. તેથી તેના આઈપીઓ અંગે પણ ટૂંક સમયમાં જાહેરાત થઈ શકે છે.

ભારતે રશિયા વિરૂદ્ધમાં મત આપ્યો

યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં યુક્રેનના સંબોધનનો વિરોધ : તેમાં જેલેન્સ્કીને સંબોધન કરવાના પક્ષમાં ૧૩ સભ્યોએ વોટ આપ્યો, જેમાં ભારતનો પણ સમાવેશ થતો હતો

નવી દિલ્હી, તા.૨૫

રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ શરૂ થયા બાદ ભારતે પહેલી વખત યુએનની સિક્યુરિટી કાઉન્સિલમાં પોતાના મિત્ર રશિયા વિરૂધ્ધ મતદાન કર્યુ છે. ભારત અત્યારે સિક્યુરિટી કાઉન્સિલનુ અસ્થાયી સભ્યપદ ધરાવે છે. સભ્યપદની મુદત ડિસેમ્બરમાં પૂરી થવાની છે. સિક્યુરિટી કાઉન્સિલમાં હાલમાં ભારત સહિત ૧૫ સભ્યો છે. દરમિયાન સિક્યુરિટી કાઉન્સિલે યુક્રેનની સ્વતંત્રતાની ૩૧મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રપતિ જેલેન્સકીને વિડિયો કોન્ફરન્સિંગથી સંબોધન કરવા માટે આમંત્રણ આપ્યુ હતુ. જેનો રશિયાએ વિરોધ કર્યો હતો. રશિયાએ કહ્યુ હતુ કે, આ મુદ્દે સિક્યુરિટી કાઉન્સિલમાં મતદાન થવુ જોઈએ અને તેમાં જેલેન્સ્કીને સંબોધન કરવાના પક્ષમાં ૧૩ સભ્યોએ વોટ આપ્યો હતો. જેમાં ભારતનો પણ સમાવેશ થતો હતો. જ્યારે રશિયાએ જેલેન્સ્કીના સંબોધનના વિરોધમાં મતદાન કર્યુ હતુ. જ્યારે ચીન મતદાનમાંથી ગેરહાજર રહ્યુ હતુ. અત્યાર સુધી ભારતે યુએનમાં રશિયાના વિરોધમાં ક્યારેય મતદાન કર્યુ નહોતુ.

બોલિવૂડના પીઢ નિર્માતા અને ગીતકાર સાવનકુમારનું નિધન

સાવનકુમાર ફેફસાં સહિતની બીમારીથી પીડાતા હતા

મુંબઈ, તા.૨૫

બોલીવૂડના પીઢ ફિલ્મ નિર્માતા અને ગીતકાર સાવન

કુમાર ટાંકનું મુંબઈમાં લાંબી માંદગી બાદ અવસાન થયું છે. ૮૬ વર્ષના સાવનકુમાર કેટલાય સમયથી ફેફસાં સહિતની બીમારીથી પીડાતા હતા. આજે હૃદય બંધ પડી જવાથી તેમનું નિધન થયું હતું.

સાવન કુમારની સૌથી જાણીત ફિલ્મોમાં રાજેશ ખન્ના, પદ્મિની કોલ્હાપુરી અને ટીના મુનિમની સૌતન ફિલ્મનો સમાવેશ થાય છે. સાવન કુમારે એ પછી સૌતન શબ્દ પરથી કેટલીય ફિલ્મો બનાવી અને ગીતો પણ લખ્યાં હતાં. સૌતનનાં શાયદ મેરી શાદી કા ખ્યાલ દિલ મેં આયા હૈ અને જિંદગી પ્યાર કા ગીત હૈ જીસે હર દિલ કો ગાના પડેગા જેવાં તેમનાં લખેલાં ગીતો આજે પણ લોકપ્રિય છે.

રાજુ શ્રીવાસ્તવ ભાનમાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૫

રાજુ શ્રીવાસ્તવને ૧૦ ઓગસ્ટના રોજ એક્સરસાઈઝ કર્યા બાદ હાર્ટ એટેક આવ્યો હતો, જે બાદ તેમને વહેલી તકે દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારથી તેની સ્થિતિમાં સતત વધઘટ થતી રહી છે. મગજના મોટા ભાગના નુકસાનના અહેવાલો પણ સામે આવ્યા હતા અને તેમને વેન્ટિલેટર પર દાખલ કરવામાં આવ્યા હતા. આજે પ્રખ્યાત કોમેડિયન અને એક્ટર રાજુ શ્રીવાસ્તવની હાલતમાં મોટો સુધારો જોવા મળ્યો છે. રાજુ શ્રીવાસ્તવના અંગત સચિવએ આ માહિતી શેર કરતા કહ્યું કે, રાજુ શ્રીવાસ્તવ ૧૫ દિવસ પછી હોશમાં આવ્યા છે. એમ્સ દિલ્હીના ડોકટરો દ્વારા તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે.

પંજાબમાં પ્રધાનમંત્રીની સુરક્ષામાં ચૂક માટે અધિકારીઓ જવાબદાર : સુપ્રીમ

પંજાબમાં વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક પર રિપોર્ટ આવ્યો : રિટાયર્ડ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની અધ્યક્ષતામાં ૫ સભ્યોની કમિટીએ તપાસ અહેવાલ રજૂ કર્યો

નવી દિલ્હી, તા.૨૫

જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની આગેવાની હેઠળની સમિતિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂકને લઈને કોર્ટમાં પોતાનો રિપોર્ટ

સોંપ્યો છે. પીએમ મોદીની સુરક્ષામાં ચૂક મામલે જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા કમિટીએ પંજાબના કેટલાક અધિકારી અને પોલીસ અધિકારીઓને પીએમની સુરક્ષામાં ક્ષતિઓ માટે જવાબદાર ઠેરવ્યા છે.

આ દરમ્યાન સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની સમિતિએ અહેવાલ વાંચ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે, ફિરોઝપુર એસએસપી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહ્યા છે. તેઓ પૂરતા ફોર્સ ઉપલબ્ધ હોવા છતાં સુરક્ષા આપવામાં નિષ્ફળ ગયા. તેમને ૨ કલાક પહેલા જાણ કરવામાં આવી હતી કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તે રસ્તેથી આવવાના છે અને ત્યાંથી નીકળશે.

સીજેઆઈએ કહ્યું કે, અમે રિપોર્ટ સરકારને મોકલી રહ્યા છીએ. સરકારે આ અંગે પગલાં લેવા જોઈએ.

૧૩ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે રિટાયર્ડ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની અધ્યક્ષતામાં ૫ સભ્યોની કમિટીની નિમણૂક કરી હતી. સુપ્રીમ કોર્ટે (એસસી) પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિઓની કાર્યવાહી પર રોક લગાવીને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા સાથે સંબંધિત તમામ દસ્તાવેજો ઉપલબ્ધ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

રિપોર્ટની માહિતીને પોતાના સંજ્ઞાનમાં લીધા બાદ સુપ્રીમ કોર્ટે આગળની કાર્યવાહી માટે રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલી આપ્યો છે.

આ સાથે જ આ રિપોર્ટમાં કમિટીએ પોલીસકર્મીઓને સારી તાલીમ આપવા માટે કેટલીક ભલામણો પણ કરી છે. હવે આ મામલે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર લોકોની નજર રહેશે.

૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંજાબની મુલાકાતે હતા, ત્યારે તેમની સુરક્ષામાં એક મોટી ચૂક થઈ હતી. જેમાં પીએમ મોદી પોતાનો કાર્યક્રમ કર્યા વગર દિલ્હી પાછા આવી ગયા હતા. આ મામલે સુપ્રીમ કોર્ટે તપાસના આદેશ આપ્યા હતા.

આપના ૪૦ ધારાસભ્યોને ભાજપે ૮૦૦ કરોડ રૂપિયાની ઓફર કરી

દિલ્હીના મુખ્યપ્રધાન કેજરીવાલનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો આરોપ અને પ્રત્યારોપનો સિલસિલો આજે પણ યથાવત રહ્યો છે.

આજે આપ દ્વારા પોતાના ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી હતી. એ પછી આપના પ્રમુખ અને દિલ્હીના સીએમ કેજરીવાલ પોતાના ધારાસભ્યો સાથે મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પર પહોંચ્યા હતા.

કેજરીવાલે કહ્યુ હતુ કે, દિલ્હીમાં દારૂની દુકાનોના કૌભાંડના આરોપ લગાવનાર ભાજપને આ કૌભાંડ અંગે કશી ખબર જ નથી.ભાજપના નેતાઓ બકવાસ કરી રહ્યા છે. દિલ્હીમાં ભાજપે આપના ધારાસભ્યોને ભાજપમાં સામેલ થવા માટે ૮૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આપના ૪૦ ધારાસભ્યો પૈકી દરેકને ૨૦-૨૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે, સીબીઆઈને ડેપ્યુટી સીએમ મનિષ સિસોદીયાના ઘરે દરોડા પાડીને કશું મળ્યુ નથી. તેના બીજા દિવસે સિસોદિયાને ભાજપે મેસેજ આપ્યો હતો કે, તમે અમારી સાથે આવી જાવ તો તમને સીએમ બનાવી દઈશું પણ સિસોદિયાએ આ ઓફર ફગાવી દીધી હતી.

કેજરીવાલે કહ્યુ હતુ કે, આપના ૪૦ ધારાસભ્યોને ૨૦-૨૦ કરોડની ઓફર ભાજપે આપી છે પણ એક પણ ધારાસભ્ય આપ છોડવા માટે તૈયાર થયો નથી.

પાંચ ફોનમાં માલવેર મળ્યા પણ તેને સ્પાયવેર ન કહેવાય : સુપ્રીમ

સુપ્રીમ કોર્ટમાં પેગાસસ મામલે સુનાવણી હાથ ધરાઈ : પેગાસસ મામલે તપાસ માટે રચવામાં આવેલી એક્સપર્ટ કમિટીએ સુપ્રીમ કોર્ટને પોતાનો રિપોર્ટ સોંપ્યો

નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટમાં આજે પેગાસસ મામલે સુનાવણી હાથ ધરાઈ હતી. સીજેઆઈ એનવી રમના, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ હિમા કોહલીની બેન્ચે આ અંગે સુનાવણી કરી હતી. સીજેઆઈએ જણાવ્યું કે, રિપોર્ટ પ્રમાણે ૨૯માંથી ૫ ફોનમાં માલવેર મળી આવ્યા છે. જોકે તે પેગાસસ સ્પાયવેર જ છે તેમ ન કહી શકાય. તે મામલે તપાસ માટે રચવામાં આવેલી એક્સપર્ટ કમિટીએ સુપ્રીમ કોર્ટને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પેગાસસ મામલે જણાવ્યું કે, ૩ ભાગમાં રિપોર્ટ પ્રસ્તુત કરાયો છે. ટેક્નિકલ સમિતિના ૨ રિપોર્ટ અને સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશ ન્યાયમૂર્તિ આરવી રવીન્દ્રનની દેખરેખ સમિતિનો એક રિપોર્ટ સામે રાખવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ટેક્નિકલ સમિતિને ૨૯ ફોન આપવામાં આવ્યા હતા અને તેમાંથી ૫ ફોનમાં કેટલાક માલવેર હતા. જોકે તે પેગાસસ હોવાનો ઉલ્લેખ નથી. ટેક્નિકલ સમિતિએ એવું નિષ્કર્ષ આપ્યું છે કે, ૫ ફોનમાં ખરાબ સાઈબર સુરક્ષા માલવેર છે.

સીજેઆઈ રમનાએ જણાવ્યું કે, પેગાસસ મામલે જસ્ટિસ રવીન્દ્રનનો રિપોર્ટ ગુપ્ત રાખવાની જરૂર નથી. જોકે વકીલ કપિલ સિબ્બલે તેના સામે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે, તેઓ નથી ઈચ્છતા કે કોર્ટ આખો રિપોર્ટ આપે કારણ કે, ગોપનીયતા અંગે ચિંતા છે. તેમના ક્લાયન્ટ્સે પોતાના ફોન

● અનુસંધાન પાન-૭ પર

યુપી ભાજપના અધ્યક્ષ તરીકે ભૂપેન્દ્રસિંહ ચૌધરીની નિમણૂક

૨૦૨૪માં લોકસભામાં યુપીની ૮૦ બેઠક જીતવા લક્ષ્યાંક : ભૂપેન્દ્ર સિંહને પ્રદેશ અધ્યક્ષની કમાન સોંપીને ભાજપે અખિલેશ-જયંત ચૌધરી વચ્ચેની મિત્રતાનો તોડ શોધ્યો

નવી દિલ્હી, તા.૨૫

ભાજપે ૨૦૨૪માં ઉત્તર પ્રદેશ લોકસભાની તમામ ૮૦

બેઠકો જીતવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

આ માટે જાતીય અને ક્ષેત્રીય સમીકરણોનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે અને ભૂપેન્દ્ર સિંહ ચૌધરીની નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપના અધ્યક્ષ સ્વતંત્રદેવ સિંહે રાજીનામુ આપ્યું ત્યારથી જ પાર્ટી પોતાના નવા પ્રદેશ અધ્યક્ષની રાહ જોઈ રહી હતી. મિશન ૨૦૨૪ને અનુલક્ષીને નવા અધ્યક્ષની પસંદગી માટે લખનૌથી દિલ્હી સુધી મંથન ચાલી રહ્યું હતું. તે માટે દરેક નેતાની રાજકીય તાકાત અને તેમની સંગઠન ચલાવવાની ક્ષમતા અંગે તપાસ કરવામાં આવી હતી.

હીરા, રમકડાં, સાયકલ ઉદ્યોગ માટે PLI યોજના લાગુ કરાશે

સ્થાનિક સ્તરે ઉત્પાદનને વેગ આપવા સરકારની વિચારણા : અગાઉ કેન્દ્ર સરકારે વાહન, સ્ટીલ, ફાર્મા, બેટરી સહિત ૧૪ ઉદ્યોગો માટે પીએલઆઇ સ્કીમ શરૂ કરી છે

નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્ર સરકાર હવે લેબ ગ્રોન ડાયમંડ એટલે કે પ્રયોગશાળામાં બનાવવામાં આવતા હીરા, રમકડાં અને સાયકલ ઉદ્યોગ માટે પણ પ્રોડક્શન લિંક્ડ ઈન્ટેન્સિવ (પીએલઆઈ) સ્કીમ શરૂ કરવા અંગે વિચારણા કરી રહી છે એવુ સુત્રોએ જણાવ્યુ છે. સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ અને ઉત્પાદનને વેગ આપવા, રોજગારી સર્જન, આયાતમાં ઘટાડો અને નિકાસ વધારવા માટે સરકારે મેક ઈન ઈન્ડિયા સહિત ઘણી પ્રોત્સાહક યોજનાઓ શરૂ કરી છે જેમાં પીએલઆઈ સ્કીમ પણ સામેલ છે. અગાઉ સરકારે વાહન, સ્ટીલ, ફાર્મા, બેટરી સહિત ૧૪ ઉદ્યોગો માટે પીએલઆઈ સ્કીમ શરૂ કરી છે જેમાં કંપનીઓને પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યુ કે, હાલની પીએલઆઈ સ્કીમઓ પાછળ રૂ. ૧.૯૭ લાખ કરોડ ખર્ચાશે છે અને આગામી પાંચ વર્ષમાં ૬૦ લાખ નોકરીઓનું સર્જન કરવાનું લક્ષ્ય છે. હાલ વિવિધ હિતધારકો સાથે પ્રારંભિક ચર્ચાઓ ચાલી રહી છે."

લેબ ગ્રોન ડાયમંડ દેખાવમાં કુદરતી હીરા જેવા જ હોય છે. ભારતમાં વિકસીત કરાયેલા લેબ ગ્રોન ડાયમંડની વિદેશી બજારોમાં માંગ વધી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧માં ભારતે ૧.૩ અબજ ડોલરની મૂલ્યના લેબ ગ્રોન ડાયમંડની નિકાસ કરી હતી, જેમાંની મોટાભાગની નિકાસ અમેરિકા, હોંગકોંગ, યુએઈ, ઈઝરાયેલ અને બેલ્જિયમ ખાતે કરાઈ હતી.